Wednesday
28.12.2022
*Volume :7 * Issue No.148
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)




ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# ગાંધીનગર જિલ્લા સિવિલ હોસ્પિટલ ખાતે કોવિડના સામના માટે તંત્રની સુસજ્જતા અંગે મોકડ્રીલ યોજાઈ

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને સઘન રસીકરણથી કર્યા સુરક્ષિત, નાગરિકોએ ગભરાવાની જરૂર નથીઃ આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ







## સંભવતઃ કોરોનાની લહેરનો સામનો કરવા માનવબળ અને મશીનરી સહિત રાજ્યનું સંપૂર્ણ આરોગ્યતંત્ર સજ્જઃ આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ



કમલમ્ ન્યુઝ,

કોરોના મહામારીનો સામનો કરવા વહીવટીતંત્રની સુસજ્જતા અંગે ગાંધીનગર જિલ્લા સિવિલ હોસ્પિટલ ખાતે આજે યોજાયેલી મોકડ્રીલમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ભાગ લીધો હતો. જે અંતર્ગત તેમણે સિવિલ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ સમગ્ર માળખાનું બારીકાઈથી નિરીક્ષણ કરીને અધિકારી કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. મોકડ્રીલ બાદ મંત્રીશ્રીએ મીડિયાને વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાજ્યમાં સંભવતઃ આવનારી કોરોના લહેરના સામના માટે માનવબળ અને મશીનરી સહિત રાજ્યનું સંપૂર્ણ આરોગ્ય તંત્ર સજ્જ છે. રાજ્યમાં એક લાખથી વધુ પથારીઓ અને ૧૫ થી ૧૬ હજાર જેટલા વેન્ટીલેટર તેમજ દવાઓ સહિતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. એટલે નાગરિકોએ સહેજપણ ગભરાવાની જરૂર નથી. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, વૈશ્વિક સ્તરે કોરોનાના કેસોમાં જે રીતે સામે આવી રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકારે સાવચેતીના ભાગરૂપે તમામ રાજ્યોને એલર્ટ રહેવા સૂચના આપી છે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તકેદારીના ભાગરૂપે કોરોનાની સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે રાજ્યમાં કોરોનાની સારવાર માટે ઉપલબ્ધ સુવિધાઓની ચકાસણી માટે રાજ્યની તમામ સરકારી હોસ્પિટલોમાં આજે મોકડ્રીલનું આયોજન કરાયું છે. તેમણે ઉમેર્યું હતું કે, નાગરિકોને કોરોનાની રસીથી સુરક્ષિત કરવા માટે રાજ્ય સરકાર પાસે રસીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, જ્યારે કેન્દ્ર સરકાર પાસે ૧૨ લાખથી વધુ ડોઝની માંગણી કરી છે. આ જથ્થો ટૂંક જ સમયમાં ઉપલબ્ધ થશે. પ્રિકોશન ડોઝ આપવા માટે ખાસ ડ્રાઈવનું રાજ્યવ્યાપી આયોજન કરાશે, ત્યારે જે નાગરિકોને પ્રિકોશન ડોઝ લેવાનો બાકી હોય તેઓએ સત્વરે આ ડોઝ લઈ લેવા અનુરોધ કર્યો હતો.

મંત્રીશ્રી પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને સઘન રસીકરણથી સુરક્ષિત કર્યા છે, આથી નાગરિકો એ ગભરાવાની જરૂર નથી, પરંતુ સતર્ક રહીને તકેદારી રાખવી અત્યંત અનિવાર્ય છે. કોવિડ અંગેની માર્ગદર્શિકાનું તમામ નાગરિકોએ ચુસ્ત પાલન કરવું અત્યંત જરૂરી છે. મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, કોરોનાની સંભવિત પરિસ્થિતિને પહોચી વળવા તાલીમબદ્ધ માનવબળ મળી રહે એ માટે નર્સીંગ અને પેરામેડીકલ આરોગ્ય કર્મીઓને તાલીમબદ્ધ કરાયા છે. આ પ્રસંગે ગાંધીનગરના મેયરશ્રી, ડેપ્યુટી મેયર શ્રી સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થતિ રહ્યાં હતાં. મોકડ્રીલ દરમિયાન સિવીલ હોસ્પિટલ, ગાંધીનગરના તબીબો, જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીઓ હાજર રહી મંત્રીશ્રીને જરૂરી વિગતો આપી હતી.

# અમદાવાદની અસારવા ૧૨૦૦ બેડની સિવિલ હોસ્પિટલમાં કોરોનાની સંભવિત પરિસ્થિતિની તૈયારીઓની સમીક્ષાને લઈને મોકડ્રીલ યોજાઈ





ગુજરાત સહિત દેશભરની સરકારી હોસ્પિટલોમાં મંગળવારે કોરોનાની સંભવિત પરિસ્થિતિને લઈને મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત અમદાવાદની અસારવા ૧૨૦૦ બેડની સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓની સમીક્ષા માટે મોકડ્રીલનું યોજાઇ હતી. આ મોકડ્રીલ દરમ્યાન અસારવા વિધાનસભાના ધારાસભ્યશ્રી દર્શનાબેન વાઘેલા, એડિશન મેડિકલ સુપરિટેડેન્ટ ડો. રજનીશ પટેલ, આર.એમ.ઓ. ડો. સંજય કાપડીયા સહતિ સિનિયર ડોક્ટર્સ હાજર રહ્યા હતા. આ મોકડ્રિલ દરમ્યાન કોરોનાની સંભવિત પરિસ્થિતિને લઇને ૧૨૦૦ બેડની સિવિલ હોસ્પિટલમાં ઓક્સિજન સુવિધા, બેડની ઉપલ્બધતા તથા દર્દીઓને એટેન્ડ કરવાની તૈયારીઓ વિશે સમીક્ષા કરવામાં આવી હતી. અમદાવાદની અસારવા ૧૨૦૦ બેડની સિવિલ હોસ્પિટલમાં મોકડ્રીલને લઇને અમદાવાદ સિવિલ હોસ્પિટલના એડિશન મેડિકલ સુપરિટેડેન્ટ ડો. રજનીશ પટેલે કહ્યું કે, કોવિડ શંકાસ્પદ દર્દી જ્યારે હોસ્પિટલ પરિસરમાં પહોંચે ત્યારે કેવી રીતે તબક્કાવાર તેમને હોસ્પિટલના સ્ટાફ દ્વારા અટેન્ડ કરવામાં આવશે તેની જાણકારી ડમી દર્દી દ્વારા ઉપસ્થિત સૌને મોકડ્રિલ દ્વારા આપવામાં આવી હતી. આ માટે હોસ્પિટલ પરિસરમાં ઓપિડી સ્ક્રીનિંગ એરિયા ઉભો કરવામાં આવ્યો છે. જ્યાં કોવિડના શંકાસ્પદ દર્દીની તપાસ કરવામાં આવશે. થર્મલ ગન અને ઓક્સિજન લેવલની તપાસ બાદ જો જરૂર હોય તો દર્દીને કોવિડ ટેસ્ટ માટેના વિભાગમાં રિફર કરવામાં આવશે. હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ પણ ઊભો કરાયો છે. હાલમાં હોસ્પિટલમાં ૮૦ બેડ તૈયાર કરવામાં આવ્યા છે અને જરૂર પડે તો વધુ ૩૦૦ બેડની તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે. આ સાથે ૨૦ ટનનો ઓક્સિજનનો પ્લાન્ટ પણ તૈયાર છે. આમ, શંકાસ્પદ દર્દી હોસ્પિટલ આવે ત્યારથી લઈને વેન્ટિલેટર સહિત સારવારની તમામ સુવિધાઓ હોસ્પિટલ દ્વારા ઊભી કરી દેવામાં આવી છે. અસારવા વિધાનસભાના ધારાસભ્યશ્રી દર્શનાબેન વાઘેલાએ કહ્યું કે, હાલમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં એકપણ કોવિડ દર્દી નથી. તેમ છતાંય રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા તમામ સુવિધાઓ હોસ્પિટલમાં ઊભી કરી દેવામાં આવી છે. એટલું જ નહીં અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બેડ, ઓક્સિજન, વેન્ટીલેટર, જરૂરી દવાનો સ્ટોક, સેનેટાઇઝર, માસ્ક, પુરતો સ્ટાફ, પીપીઈ કીટ સહિતનો સ્ટોક પૂરતો હોવાનું પણ તેમણે જણાવ્યુ હતું. આ પ્રસંગે શ્રી દર્શનાબેન વાઘેલાએ સૌ નાગરિકોને માસ્ક પહેરવાની તેમજ જે નાગરિકોને પ્રિકોશન ડોઝ લેવાનો બાકી હોય તેઓને ડોઝ લઈ લેવાની અપિલ પણ કરી હતી. અમદાવાદની અસારવા ૧૨૦૦ બેડની સિવિલ હોસ્પિટલમાં આયોજીત મોકડ્રીલ દરમ્યાન અમદાવાદ સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ ડો. જગદીશભાઈ સોંલકી, ૧૨૦૦બેડનીહોસ્પિટલના આર.એમ.ઓ.ડો. સંજય કાપડિયા, નર્સિંગ સુપરિટેડેન્ટ બાબુભાઈ પ્રજાપતિ, ઈન્ચાર્જ મેડિકલ સ્ટોરના ડો. બાદલ ગાંધી, ઇન્ચાર્જ બાયોમોડિકલના ડો. જે.એન. સોંલકી સહિત હોસ્પિટલનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર અને સલાહકાર તરીકે રાજ્યના બે નિવૃત વરિષ્ઠઅધિકારીઓની નિમણૂંક





કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલેતેમના મુખ્ય સલાહકાર અને સલાહકાર એમ બે નવી જગ્યાઓ મુખ્યમંત્રી કાર્યાલયમાં ઊભી કરીને રાજ્યના બે નિવૃત વરિષ્ઠ અધિકારીઓની આ જગ્યાએ નિમણૂંક કરી છે. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર તરીકે ભારત સરકારના પૂર્વ નાણાં સચિવ શ્રી ડૉ. હસમુખ અઢિયાની નિમણૂંક કરવામાં આવી છે

મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા

- ડૉ. હસમુખ અઢિયા ભારતીય વહીવટી સેવાના અધિકારી છે, તેઓ ભારત સરકારમાં કેન્દ્રીય નાણાં સચિવ અને મહેસૂલ સચિવ તરીકે સેવા આપી તા. ૩૦ નવેમ્બર, ૨૦૧૮ના રોજ નિવૃત્ત થયા છે
- તેઓ હાલમાં બેંક ઓફ બરોડાના નોન એક્ઝિક્યુટિવ ચેરમેન છે અને સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના ચાન્સેલર પણ છે.
- ડૉ. અઢિયા પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી અને ગુજરાત એનર્જી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (GERMI) ના બોર્ડના વાઈસ ચેરમેન તરીકે અને ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, બેંગલોરના બોર્ડ ઓફ ગવર્નર્સના સભ્ય તરીકે સેવાઓ આપે છે.
- ડૉ. હસમુખ અઢિયાએ એકાઉન્ટન્સીમાં બેઝિક પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવી છે. તેઓ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, બેંગ્લોરમાંથી ગોલ્ડ મેડાલિસ્ટ છે અને તેઓ સ્વામી વિવેકાનંદ યોગ યુનિવર્સિટી, બેંગ્લોરમાંથી યોગ વિષયમાં પી.એચ.ડી. ધરાવે છે.
- નાણા અને મહેસૂલ સચિવ તરીકે, તેમને ભારતમાં GSTના સફળ અમલીકરણનો શ્રેય આપવામાં આવ્યો હતો.
- નવેમ્બર ૨૦૧૮ માં તેમની નિવૃત્તિ પર, સ્વ. શ્રી અરુણ જેટલી, ભારતના તત્કાલીન નાણામંત્રીએ ફેસબુક પોસ્ટમાં ડૉ. અઢિયાના યોગદાનની પ્રશંસા કરી હતી. તેઓએ કહ્યું હતું કે "ડૉ. અઢિયા નિઃશંકપણે અત્યંત સક્ષમ, શિસ્તબદ્ધ, નો-નોનસેન્સ મુલકી સેવક અને અલબત્ત, દોષરહિત પ્રમાણિકતા ધરાવતા હતા."

ડૉ. હસમુખ અઢિયાની હવે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના મુખ્ય સલાહકાર તરીકે નિમણૂંક થઇ છે. તેઓ મુખ્યમંત્રીશ્રીને નાણા, આર્થિક બાબતો, શિક્ષણ, ઊર્જા અને બિનપરંપરાગત ઊર્જા, રોકાણોને લગતી બધી જ પોલિસી અને તેનું મોનિટરીંગ તથા રાજ્ય સરકાર દ્વારા અન્ય જે ક્ષેત્રો નિશ્ચિત કરવામાં આવે તે ક્ષેત્રો-વિષયોમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર તરીકે સેવાઓ આપશે. ડૉ. હસમુખ અઢિયાનો કાર્યકાળ મુખ્યમંત્રીશ્રીના કાર્યકાળની અવધિ સુધી અથવા તો અન્ય આદેશો ના થાય ત્યાં સુધી બેમાંથી જે વ્હેલું હશે ત્યાં સુધીનો રહેશે. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર તરીકે નિયુકત થતાં ડૉ. હસમુખ અઢિયાને જરૂરી સ્ટાફ-મહેકમ તેમજ અન્ય આનુષાંગિક સુવિધાઓ રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીના સલાહકાર શ્રી એસ.એસ. રાઠૌર

- શ્રી સત્યનારાયણસિંહ શિવસિંહ રાઠૌર ગુજરાત ઈજનેરી સેવાના અધિકારી છે, તેઓએ ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ તેમજ જળસંપત્તિ વિભાગમાં સચિવ તરીકે સેવા આપી વર્ષ ૨૦૧૪માં અધિક મુખ્ય સચિવ તરીકે નિવૃત્ત થયા છે.
- વર્ષ ૨૦૧૮માં આંતરમાળખાકીય વિકાસના યોગદાન માટે ભારતના નાગરિક સન્માન ''પદ્મશ્રી'' થી શ્રી રાઠૌરને સન્માનિત કરવામાં આવ્યા છે.
- તેમણે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર તરીકે પાંચ વર્ષ સેવા આપી છે.
- ગુજરાતના મુખ્ય રાજમાર્ગોને વિકસાવવાનો શ્રેય તેમને જાય છે. તેમણે બિલ્ડ, ઓપરેટ અને ટ્રાન્સફર (BOT) રોડ ડેવલપમેન્ટ મોડલ રજૂ કર્યું, ભારતમાં આ પ્રકારનું સૌ પ્રથમ મોડેલ છે. ગુજરાતના " હાઈવે અને કેનાલ મેન " તરીકે પણ શ્રી રાઠૌર પ્રખ્યાત છે.
- તેઓ ઈન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયર્સ, ઈન્ડિયા અને ઈન્ડિયન રોડ કોંગ્રેસના પ્રમુખ રહી ચૂકયા છે અને વર્લ્ડ ફેડરેશન ઑફ એન્જિનિયરિંગ ઑર્ગેનાઈઝેશનના વાઇસ-પ્રેસિડેન્ટ છે.
- (જુલાઈ ૨૦૧૯થી) તેઓ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ. ના મેનેજિંગ ડિરેક્ટર સેવા આપી રહ્યા છે અને મેટ્રો ફેઝ-૧નું કામ તેમના માર્ગદર્શનમાં પૂર્ણ કરાયું છે.

હવે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સલાહકાર તરીકે શ્રી એસ.એસ. રાઠૌરની નિયુક્તિ કરવામાં આવી છે. શ્રી રાઠૌર મુખ્યમંત્રીશ્રીના સલાહકાર તરીકે માર્ગ-મકાન, નાગરિક ઉડ્ડયન, મેટ્રો રેલ પ્રોજેક્ટ અને રેલ્વેઝ, જળસંપત્તિ, નર્મદા અને કલ્પસર વિષયોમાં પોલિસી સંબંધિત મોનિટરીંગ અને પોલિસી સંદર્ભના કામકાજ માટે સલાહકારની ફરજ નિભાવશે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા નિશ્ચિત કરવામાં આવે તે ક્ષેત્રો માટે પણ શ્રી રાઠૌર મુખ્યમંત્રીશ્રીના સલાહકાર રહેશે. શ્રી એસ.એસ. રાઠૌરનો કાર્યકાળ મુખ્યમંત્રીશ્રીના કાર્યકાળ સુધી અથવા અન્ય આદેશ ન થાય ત્યાં સુધી, આ બે માંથી જે વ્હેલું હોય ત્યાં સુધીનો રહેશે. મુખ્યમંત્રીશ્રીના સલાહકાર તરીકે નિયુકત થતાં શ્રી એસ.એસ. રાઠૌરને જરૂરી સ્ટાફ-કર્મચારી ગણ તેમજ અન્ય સુવિધાઓ રાજ્ય સરકાર પૂરી પાડશે.

# કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ડૉ.મનસુખ માંડવિયાએ સફદરજંગ હોસ્પિટલની મુલાકાત લીધી, કોવિડ૧૯ વ્યવસ્થાપન માટે હોસ્પિટલના માળખાકીય સુવિધાઓની તૈયારીની ખાતરી કરવા માટે મોક ડ્રિલની સમીક્ષા કરી

## દરેકને કોવિડ યોગ્ય વર્તનને અનુસરવા અને વણચકાસાયેલ માહિતી શેર કરવાથી દૂર રહેવા વિનંતી કરે છે



કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ આજે સફદરજંગ હોસ્પિટલ, નવી દિલ્હીની મુલાકાત લીધી હતી અને કોવિડ૧૯ વ્યવસ્થાપન માટે હોસ્પિટલના માળખાકીય સુવિધાઓની સજ્જતા સુનિશ્ચિત કરવા માટે હાથ ધરવામાં આવેલી મોક ડ્રિલની સમીક્ષા કરી હતી. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે "મેં તાજેતરમાં રાજ્યના આરોગ્ય મંત્રીઓ સાથે COVID9 સ્થિતિ અને COVIDના નિવારણ અને વ્યવસ્થાપનની તૈયારીઓની સમીક્ષા કરી. COVID19ના વ્યવસ્થાપન માટેની તૈયારીઓની સમીક્ષા કરવા માટે આજે દેશભરમાં મોક ડ્રીલ હાથ ધરવામાં આવી રહી છે, જેના માટે હોસ્પિટલોમાં ક્લિનિકલ તૈયારી નિર્ણાયક છે. સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો દ્વારા આજે મોકડ્રીલ હાથ ધરવામાં આવી રહી છે. રાજ્યના આરોગ્ય પ્રધાનો પોતપોતાના રાજ્યોમાં કવાયતની સમીક્ષા કરી રહ્યા છે," તેમણે કહ્યું. તેમણે સફદરજંગ હોસ્પિટલ અને વર્ધમાન મહાવીર મેડિકલ કોલેજના વિભાગોના વડાઓ અને સ્ટાફ સાથે અનૌપચારિક ઈન્ટરેક્ટિવ સત્ર કર્યું હતું. તેમણે વિવિધ વિભાગોના વડાઓ, ડૉક્ટરો, નર્સો, સુરક્ષા અને સ્વચ્છતા સેવાઓના વડાઓ સાથે લગભગ એક કલાક વિતાવ્યો અને ગુણવત્તાયુક્ત હોસ્પિટલ મેનેજમેન્ટ, ક્લિનિકલપ્રેક્ટિસ, ચેપ નિયંત્રણના પગલાં, સ્વચ્છતા પ્રક્રિયાઓ અને દર્દી-કેન્દ્રિત ઉચ્ચ ગુણવત્તા અંગેના તેમના અસંખ્ય સૂચનો ધીરજથી સાંભળ્યા. આરોગ્ય સંભાળ જોગવાઈ. તેઓએ રોગચાળા દરમિયાન ચોવીસ કલાક સેવાઓ પૂરી પાડવા માટે કામ કરવાનો તેમનો અનુભવ શેર કર્યો. ડૉ. માંડવિયાએ HoDsને દર અઠવાડિયે તેમની ટીમને મળવા, તમામ વિભાગોની ભૌતિક મુલાકાત લેવા અને શ્રેષ્ઠ આઉટપુટની ખાતરી કરવા માટે તેમના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવાની સલાહ આપી. તેમણે રોગચાળા દરમિયાન ડોકટરોના અનુકરણીય કાર્ય માટે તેમની પ્રશંસા પણ કરી હતી. ડો. માંડવિયાએ આત્મસંતુષ્ટતા સામે સાવચેતી આપી અને દરેકને કોવિડ યોગ્ય વર્તનને અનુસરવા વિનંતી કરી. તેમણે સતર્ક રહેવા, ચકાસાયેલ માહિતી શેર કરવાથી દૂર રહેવા અને ઉચ્ચ સ્તરની સજ્જતા સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો. "સમગ્ર વિશ્વમાં કોવિડના કેસ વધી રહ્યા છે અને ભારતમાં પણ કેસોમાં વધારો જોવા મળી શકે છે. આથી એ મહત્વનું છે કે સાધનસામગ્રી, પ્રક્રિયાઓ અને માનવ સંસાધનોની દ્રષ્ટિએ સમગ્ર કોવિડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓપરેશનલ તત્પરતાની સ્થિતિમાં હોય", તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક ડૉ. અતુલ ગોયલ, સફદરજંગ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ બી એલ શેરવા અને સ્વચ્છતા સહિત વિવિધ વિભાગોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જી.કે.જનરલ હોસ્પિટલ ભુજખાતે કોવિડ સામેની તૈયારીઓની સમીક્ષાને લઈને મોકડ્રીલ યોજાઈ



કમલમ્ ન્યુઝ,ભુજ,

ગુજરાત સરકાર દ્વારા કોરોના વાઈરસને લઈને રાજ્યભરની હોસ્પિટલમાં ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓની સમીક્ષા માટે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે જી.કે.જનરલ હોસ્પિટલ ભુજ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પારૂલબેન કારા, ભુજ ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલ, જિલ્લા કલેક્ટરશ્રી દિલીપ રાણા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભવ્ય વર્મા અને આરોગ્ય અધિકારીશ્રીઓની હાજરીમાં મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. મોકડ્રીલ દરમિયાન જી.કે.જનરલ હોસ્પિટલમાં સ્થિત ઓક્સિજન પ્લાન્ટ સહિત કોવિડ સારવારને લઈને ઉપલબ્ધ સુવિધાઓનો ખ્યાલ પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓએ મેળવ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા ટેસ્ટ, ટ્રેક અને ટીટ્મેન્ટ(3T)ની સ્ટ્રેટેજી મુજબ કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે કોરોના સામેની લડાઈમાં આરોગ્ય અધિકારીશ્રીઓ પાસેથી સુવિધાઓની જાણકારી મેળવીને પદાધિકારીશ્રીઓએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ મોકડ્રીલમાં હોસ્પિટલની ક્ષમતા, ઓક્સિજન સુવિધા, બેડની ઉપલબધતા તથા દર્દીઓને એટેન્ડ કરવાની તૈયારીઓ વિશે સમીક્ષા કરવામાં આવી હતી. કોવિડ શંકાસ્પદ દર્દી જ્યારે હોસ્પિટલ પરિસરમાં પહોંચે ત્યારે કેવી રીતે તબક્કાવાર તેમને હોસ્પિટલના સ્ટાફ દ્વારા અટેન્ડ કરવામાં આવશે તેની જાણકારી ડમી દર્દી દ્વારા ઉપસ્થિત સૌને આપવામાં આવી હતી. આ માટે હોસ્પિટલ પરિસરમાં ફ્લૂ ઓપિડી સ્ક્રીનિંગ એરિયા ઉભો કરવામાં આવ્યો છે. જ્યાં કોવિડના શંકાસ્પદ દર્દીની તપાસ કરવામાં આવશે. થર્મલ ગન અને ઓક્સિજન લેવલની તપાસ બાદ જો જરૂર હોય તો દર્દીને કોવિડ ટેસ્ટ માટેના વિભાગમાં રિફર કરવામાં આવશે. હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડ પણ ઊભો કરાયો છે. આમ, શંકાસ્પદ દર્દી હોસ્પિટલ આવે ત્યારથી લઈને વેન્ટિલેટર સહિત સારવારની તમામ સુવિધાઓ વિશે મોકડ્રીલમાં માહિતી આપવામાં આવી હતી. અગાઉની તૈયારીઓ કરતા નવી કઈ કઈ આરોગ્ય વિભાગની માળખાકીય સુવિધાઓ ઊભી કરાઈ છે તેના વિશે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી પારૂલબેન કારાએ અધિકારીઓ પાસેથી વિગતો મેળવી હતી. ભુજના ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલે ઉપસ્થિત આરોગ્ય અધિકારીશ્રીઓને કોવિડ સારવારની જરૂરી સુવિધાઓમાં દર્દીઓને કોઈપણ જાતની મુશ્કેલી ના પડે તે સુનિશ્ચિત કરવાની સાથે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીશ્રી ભવ્ય વર્માએ જિલ્લામાં તાજેતરમાં કઈ કઈ સુવિધાઓ આરોગ્ય વિભાગ દ્વારા ઉભી કરવામાં આવી છે તેના વિશે ઉપસ્થિત સૌને જાણકારી આપી હતી. તેઓએ અનુરોધ કર્યો હતો કે જિલ્લામાં ઘરે ઘરે જઈને કોવિડ સર્વેક્ષણની કામગીરી ચાલી રહી છે તો લોકો આ ઝુંબેશમાં સહકાર આપે. આ મોકડ્રીલ દરમિયાન સીડીએમઓશ્રી ડૉ.કશ્યપ બૂચ, ઈન્ચાર્જ સીડીએચઓ ડૉ.જે.એ.ખત્રી, ડૉ. જિજ્ઞાબેન ઉપાધ્યાય, જી.કે.ના ઓપરેશન્સ હેડ ડૉ.સુનિલ પેન્ઢાકર સહિત આરોગ્યવિભાગનો સ્ટાફ હાજર રહ્યો હતો.



કમલમ્ ન્યુઝ,

સરકારશ્રીના અનુસૂચિત જાતિ અત્યાચાર ખૂનના બનાવમાં આર્થિક સહાય આપવાની યોજના અંતર્ગત સાંસદશ્રી મિતેષભાઈ પટેલ અને આંકલાવ વિધાનસભાના ઉમેદવાર શ્રી ગુલાબસિંહ પઢીયારની ઉપસ્થિતિમાં બેડવા ગામના વાલ્મીકિ સમાજના જયદીપ ભરતભાઈનું થોડા દિવસ અગાઉ અવસાન થયેલ જે અંતર્ગત સરકારશ્રીની આર્થિક સહાય પેટે રૂ.૮ લાખ ૨૫ હજારની સહાય આપવાની હોય જે રકમ ના ૫૦ ટાકા રકમ નો પ્રથમ હપ્તો ૪ લાખ ૧૨.૫૦૦ ની સહાયનો ચેક સાંસદશ્રીના હસ્તે પરિવાર જન ને અર્પણ કરવામાં આવ્યો.

# સાકળચંદ પટેલ યુનિવર્સિટી માં નિઃશુલ્ક વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન



કમલમ્ ન્યુઝ,

સાકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ આદરણીય શ્રી પ્રકાશભાઈ પટેલની પ્રેરણા અને કુશળ નેતૃત્વ હેઠળ સંચાલિત નૂતન હૉમિયોપેથિક મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ ધ્વારા ખંડોસણ ગામે આવેલ દૂધ ઉત્પાદક ડેરીમાં તારીખ ૨૭/૧૨/૨૦૨૨ ના મંગળવાર ના રોજ નિઃશુલ્ક વિનામૂલ્યે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કેમ્પમાં ૧૭ દર્દીઓએ લાભ લીધો હતો. જેમણે હોમિયોપેથિક દવા પણ નિઃશુલ્ક આપવામાં આવી હતી. કેમ્પમાં ૫ દર્દીઓને નિઃશુલ્ક ડાયાબિટીસ તપાસ માટે સુગર ચેક કરી આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડોક્ટર્સ તેમજ પેરામેડિકલ સ્ટાફ દ્વારા ખડે પગે સેવા આપવામાં આવી હતી. આ નિઃશુલ્ક સફળ આરોગ્યલક્ષી મેડિકલ કેમ્પના આયોજન બદલ દૂધ ઉત્પાદક ડેરીના મંત્રીશ્રી તેમજ ખંડોસણ ગામના અગ્રણીઓ તરફથી સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ આદરણીય શ્રી પ્રકાશભાઈ પટેલ અને ટ્રસ્ટીગણનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કોરોનાની સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા સજ્જતાની ચકાસણી અર્થે નવસારી જીલ્લાના આરોગ્ય કેન્દ્રો ખાતે મોકડ્રીલ યોજાઈ



કમલમ્ ન્યુઝ,નવસારી

હાલ વિશ્વના અમુક દેશોમાં કોરોના મહામારીએ ફરી વાર માથું ઉચક્યું છે ત્યારે પૂર્વતૈયારીના ભાગરૂપે નવસારી શહેરની સિવિલ હોસ્પિટલ સહિતની ૪૮ હોસ્પિટલ, ૫ અર્બન હેલ્થ સેન્ટર તથા ૪૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે આજે મોક ડ્રીલ યોજવામાં આવી હતી. નવસારી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સરકારી હોસ્પિટલમાં મેડિકલ ઓક્સિજન પ્લાન્ટ, વેન્ટીલેટર્સ,બેડ, ઓક્સિજન સિલિન્ડર્સ, દવાઓ સહિતની કોવિડ મહામારીને સંબંધિત જરૂરિયાતોનું જાત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું તેમજ જિલ્લાના આરોગ્ય કેન્દ્રો પર કોરોનાથી સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા માટે નર્સિંગ અને પેરામેડિકલ સ્ટાફ તેમજ કોવિડ આનુષાંગીક યોગ્ય વ્યવસ્થાઓ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા મળેલ માહિતી અનુસાર જિલ્લામાં ૨૧૨૩ બેડ, ૧૩૩૭ ઓક્સીજન બેડ, ૨૪૩ આઈ.સી.યુ બેડ ,૨૦૧ વેન્ટીલેટર ,22 PSA પ્લાન્ટ,૧૦ લીકીવીડ ઓકસીજન પ્લાન્ટ હાલના સમય પર ઉપલબ્ધ છે , તેમજ સરકારી હોસ્પિટલમાં ૧૨૪૮ જમ્બો ઓકસીજન સિલિન્ડર ૨૫૪ નાના ઓક્સીજન સિલિન્ડર તથા ૩૭૧ ઓક્સીજન કોન્સન્ટ્રેટર ઉપલબ્ધ છે .વધુમાં કોરોનાની સંભવિત લહેરને ધ્યાને લઈને સિવિલ હોસ્પિટલ તથા જિલ્લાના તમામ સામુહિક કેન્દ્રો, સબ-ડ્રિસ્ટીકટ હોસ્પિટલો ખાતે ઓકિસજન પ્લાન્ટોનું ટેસ્ટીંગ, વેન્ટીલેટરોનું ટેસ્ટીંગ, મેડીસીન્સ, માસ્કના જથ્થાની ઉપલબ્ધી, નર્સીગ સ્ટાફની તાલીમબધ્ધતા અંગેની ચકાસણી પદાધિકારીઓશ્રી અને અધિકારીઓશ્રી ની ઉપસ્થિતમાં મોકડ્રીલમાં આવરી લેવામાં આવી હતી. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા લોકોને કોવિડ દિશાનિર્દેશોનું પાલન કરવા અને સુરક્ષિત રહેવા વિનંતી કરવામાં આવી હતી.

# વિરમગામ સહિત અમદાવાદ જિલ્લાના સરકારી હોસ્પિટલોમાં કોરોના સંદર્ભે આરોગ્ય સુવિધાની ચકાસણી માટે મોક ડ્રિલ કરવામાં આવી











**મોક ડ્રીલ દરમિયાન આરોગ્ય સુવિધાઓની ઉપલબ્ધતા, આઇસોલેશન બેડની ક્ષમતા, ઓક્સિજનની સુવિધા, વેન્ટિલેટર બેડની ઉપલબ્ધતા, એમ્બ્યુલન્સ ની ઉપલબ્ધતા સહિતની આરોગ્ય સુવિધાઓની પ્રત્યક્ષ ચકાસણી કરવામાં આવી**

કમલમ્ ન્યુઝ,વિરમગામ

જીએમઈઆરએસ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે અધિક મુખ્ય સચિવ મનોજ અગ્રવાલ, અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી ડો. અનિલ ધામેલીયા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. શૈલેષ પરમાર, મેડિકલ સુપ્રિટેન્ડન્સ સોલા સિવિલ હોસ્પિટલ, ડીન સોલા મેડિકલ કોલેજ, સ્થાનિક કોર્પોરેટરો સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા કોરોના સંદર્ભે મોક ડ્રીલ કરવામાં આવી હતી. મોક ડ્રીલ દરમિયાન આરોગ્ય વિભાગના અધિકારીઓ કર્મચારીઓ સાથે મીટીંગ કરીને કોરોના સંદર્ભે પૂર્વ તૈયારી રાખવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આપણા પાડોશી દેશ ચીન સહિત દુનિયાભરમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે ત્યારે ગુજરાત સરકાર પણ સતર્કતા રાખી રહી છે. જેના ભાગરૂપે મંગળવારે વિરમગામ સહિત અમદાવાદ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ સહિતના સરકારી હોસ્પિટલોમાં આરોગ્ય સુવિધાઓની ચકાસણી માટે મોક ડ્રીલ કરવામાં આવી હતી. મોક ડ્રીલ દરમિયાન આરોગ્ય સુવિધાઓની ઉપલબ્ધતા, આઈસોલેશન બેડની ક્ષમતા, ઓક્સિજનની સુવિધા, વેન્ટિલેટર બેડની ઉપલબ્ધતા, એમ્બ્યુલન્સની ઉપલબ્ધતા સહિતની આરોગ્ય સુવિધાઓની પ્રત્યક્ષ ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત આરોગ્ય વિભાગના અધિકારીઓ કર્મચારીઓની ઉપલબ્ધતા બાબતે પણ ચકાસણી કરવામાં આવી હતી.

# વલસાડમાં અટાર ખાતે સ્પેસ એપ્લિકેશન સેન્ટર અમદાવાદ દ્વારા સ્પેસ એક્ઝિબેશનનો પ્રારંભ કરાયો







કમલમ્ ન્યુઝ,વલસાડ

વલસાડ શહેરની નજીક આવેલા અટાર ગામની પી.કે.ડી. વિદ્યાલય ખાતે તા.૨૭મી થી તા. ૨૮મી ડિસેમ્બર સુધી યોજાનારા બે દિવસીય વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબેશનનો એન.જે. ગૃપના કો-ફાઉન્ડર જિગ્નેશ દેસાઈ અને નીરજ ચોકસી હસ્તે પ્રારંભ કરાયો હતો. આ એક્ઝિબેશનનું સ્પેસ એપ્લિકેશન સેન્ટર, ઈસરો અમદાવાદ, વલસાડ જિલ્લા શિક્ષણ વિભાગ અને નવસર્જન કેળવણી મંડળ – અટાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી ભીખુભાઈ દેસાઈ, એન.જે.ગૃપના નીરજભાઈ ચોકસી અને જિગ્નેશ દેસાઈ, અતુલ કંપનીના ફાઉન્ડર મેમ્બેર સ્વાતિબેન, ઈસરો એક્ઝિબેશન હેડ નરેશભાઈ ભટ્ટે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સમારોહમાં પૂ. નિત્યાનંદ સ્વામીએ આશીર્વચન આપ્યા હતા. સ્પેસ એક્ઝિબેશન વિવિધ શાળાઓના ૪૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ મુલાકાત લેશે. આ સ્પેસ એક્ઝિબેશનનો મુખ્ય ઉદ્દેશ્ય ઈસરોએ પચાસ વર્ષમાં અંતરિક્ષ ક્ષેત્રે કરેલી પ્રગતિ વિશે લોકોને માહીતગાર કરવાનો છે. તેમજ વિદ્યાર્થીઓમાં સ્પેસ વિશે જાગૃતિ અને રૂચી કેળવવાનો છે. જેમાં વિદ્યાર્થીઓને અંતરિક્ષને લગતી જુદી જુદી માહિતી આપવામાં આવશે. દીવાળી બાદ અત્યાર સુધી ૯ જેટલા એક્ઝિબેશન જયપુર, ગ્વાલીયર, હરિદ્વાર, દહેરાદૂન, ભોપાલ, ઝાંસી, ચુરૂ, અજમેર ખાતે યોજાઈ ચૂક્યા છે. અમદાવાદ ખાતે ઈસરોનું સ્થાયી એક્ઝિબેશન છે જેની અસંખ્ય લોકો મુલાકાત લે છે પરંતુ જે લોકો ત્યાં જઈ નથી શકતા એમના માટે મોબાઈલ એક્ઝિબેશનની શરૂઆત કરવામાં આવી છે. ઈસરોના વૈજ્ઞાનિકોની ટીમ દેશના જુદા જુદા વિસ્તારોમાં સ્પેસ એક્ઝિબેશનનું આયોજન કરી માહિતી પ્રદાન કરે છે. ખાસ કરીને નાના ગામોમાં કે જ્યાં વધુ સુવિધાઓ હોતી નથી ત્યાં પણ આયોજન કરાય છે. હાલમાં અટારની પી.કે.ડી. વિદ્યાલય ખાતે યોજાઈ રહેલા એક્ઝિબેશનમાં કુલ ચાર વિભાગ દ્વારા અંતરિક્ષ વિષયક માહિતી આપવામાં આવી રહી. જેમાં ઈસરોના પ્રોજેક્ટ્સ જેવા કે મંગળયાન, ચંદ્રયાન, આદિત્ય મિશન, હ્યુમન સ્પેસ પ્રોગ્રામ, બીગ બેંગ થીયરીનો સમાવેશ કરાયો છે. વિદ્યાર્થીઓ માટે પ્રાયોગિક રીતે રોકેટ લોન્ચિંગના પ્રેક્ટિકલ ડેમોન્સ્ટ્રેશન પણ કરાય છે. સાથે સાથે સ્પેસ ઓન વ્હીલ બસમાં ઈસરોના વિવિધ પોજેકટોનું પ્રદર્શન કરાઈ રહ્યું છે. આ પ્રદર્શન દ્વારા બાળકોમાં અંતરિક્ષ વિશે વધુ જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન થશે એવી સૌને આશા છે. તેમજ પ્રદર્શની સાથે વિદ્યાર્થીઓમાં હિંદી અને ગુજરાતી ભાષા પ્રત્યે જાગૃતિ વધે અને ભાષામાં રસ ઉત્પન્ન થાય તે હેતુસર આ શાળાના બાળકો માટે ઈસરોમાં કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત ભાષા નાયબ નિયામકશ્રી નીલુબેન શેઠ દ્વારા વકૃત્વ સ્પર્ધા, મોડેલ મેકિંગ અને કવીઝ કોમ્પિટિશનનું પણ આયોજન કરાયું હતું. કાર્યક્રમની આભાર વિધી અનાવિલ પરિવારના પાર્થિવ દેસાઈએ કરી હતી.

•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel. •Printed At:-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published - At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar(Gujarat) 382028